## જન્મદિને વધામણી



પરેશભાઈ ભગુભાઈ પટેલ
મો. ૯૮૨૫૩ ૯૨૭૦૧


વિશ્વા મકવાણા


રીટાબેન કે શ્રીમાળી
મો. ૯૧૭૩૫ ૬૨૬૧૫


પ્રતિમાબેન દિલીપભાઈ ત્રિવેદી
મો. ૯૯૨૪૮ ૫૦૪૨૮


સ્નેહલબેન ખુશાલભાઈ પરમાર
મો. ૯૭૨૩૭ ૬૨૨૬૧


સુમંતભાઈ મંગળદાસ શાહ
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭

# ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે અનુવાદના વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સેક્ટર-૨૩ ખાતે સાહિત્યની વિદ્યાર્થીનીઓ માટે અનુવાદના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

અનુવાદને લગતાં વિવિધ પાસાં ભાવાનુવાદ, સમશ્લોકી અનુવાદ, રૂઢિપ્રયોગો અને કહેવતોનો અનુવાદ, સંસ્કૃત સુક્તોનો અનુવાદ, રચનાત્મક અનુવાદ, અહેવાલ અનુવાદ, વહીવટી અનુવાદ, અનુવાદનાં ઓજારો, અનુવાદ કરવામાં પડતી મુશ્કેલીઓ ઉપર ભાષાના પ્રાધ્યાપક દ્વારા પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં તૃતિય વર્ષ બીએની ૩૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના સમાપનમાં પ્રતિભાવ આપતાં વિદ્યાર્થીનીઓએ વર્કશોપ પ્રતિ સકારાત્મક અભિગમ સ્પષ્ટ કર્યો હતો. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને શબ્દકોષ તથા પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

કૉલેજનાં આચાર્યા ડૉ. અમૃતાબેનની પ્રેરણા, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવ જોષીપુરા તથા કો-ઓર્ડિનેટર પ્રા. મીતાબેન શાહની જહેમત તથા સમિતિના અન્ય પ્રાધ્યાપકોના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળ બન્યો હતો.



૧૯૭૮માં માત્ર ૭ શીપથી કોસ્ટ ગાર્ડનો આરંભ કરવામાં આવ્યો હતો અને આજે તેની પાસે ૧૧૯ શીપ, ૬૨ એરક્રાફ્ટ અને ૪૨ સ્ટેશન્સ છે. ગાંધીનગર ખાતે સોમવારે કોસ્ટ ગાર્ડ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને તે નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જે પ્રસંગે રાજ્યના રાજ્યપાલ ઓ પી કોહલી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યનાં મુખ્યમંત્રી તરફથી અભિનંદનના સંદેશ કોસ્ટ ગાર્ડને પ્રાપ્ત થયા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઍરલિફ્ટ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
મસ્તીજાદે (એ)
૧૨.૩૦, ૩.૧૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
ઍરલિફ્ટ
૧૨.૪૫
સાલા ખડૂસ
૩.૦૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
રાત્રે ૧૦.૦૦
મસ્તીજાદે (એ)
૧.૩૦, ૬.૩૦
સાલા ખડૂસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૩.૪૫
મસ્તીજાદે (એ)
૧૦.૦૦
સાલા ખડૂસ
૧૨.૩૦

# શાંતિ વગરની પ્રગતિ નિરર્થક છે

ગાંધીનગર, તા. ૨

જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભઆઈ દેસાઈએ સાબરમતી સિનિયર સિટિઝન્સના સ્નેહમિલનને સંબોધતાં જણાવ્યું હતું કે આપણા રાષ્ટ્ર પાસે સૌથી મહામૂલી સંપત્તિ હોય તો તે સાહિત્ય, કળા અને સંસ્કૃતિની છે. આપણે એનું જતન જ નહીં, સંવર્ધન કરવાનું છે અને વિશ્વગુરુ તરીકેની ગુમાવેલી ઓળખ પાછી મેળવવાની છે.

ફક્ત ભૌતિક માપદંડોથી વિશ્વની મહાસત્તાઓ બની ગયેલા દેશોની પ્રજાને શાંતિ નથી મળી શકી. શાંતિ વગરની પ્રગતિ નિરર્થક છે. માઉન્ટ આબુ ખાતે બ્રહ્માકુમારીઝનાં અધિષ્ઠાત્રી જાનકી દાદીના શતાબ્દી સમારોહ પ્રસંગે પણ ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજિત સ્વ. જોઈતારામ ભગવાનદાસ પટેલ 'કવિ કઠલાલકર'નાં પુસ્તકો 'આરસી' અને 'સંઘર્ષ-સિદ્ધિ'ના લોકાર્પણ પ્રસંગે પણ ડૉ. કેશુભાઈ દેસાઈ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. એમણે દિવંગત સર્જકને એમના સમયના સાચા પ્રતિનિધિ તરીકે બિરદાવ્યા હતા અને જણાવ્યું હતું કે સાહિત્યકાર શાશ્વતીનો ઉપાસક અને અભયનો આરાધક હોવો જોઈએ. સમારંભમાં ડૉ. કેશુભાઈ દેસાઈએ દિવંગત સર્જકની આત્મકથાને 'કાળ-કથા' કહી બિરદાવી હતી.

## વાચકોને આમંત્રણ

**'ગાંધીનગર સમાચાર' શરૂ કરે છે 'સંવેદના'**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' શરૂ કરે છે 'સંવેદના' વિભાગ; ખાસ લખવા માગતા વાચકો માટે અને આ માટે તેમને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ માસનો વિષય છે : **'મારી મા'**



રાયસણ ખાતે કાર્યરત વી ડી પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓને ક્રિએટીવ ક્લબના યુવાઓ દ્વારા પૅન, પૅન્સિલ અને ચૉકલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં ક્લબના સંકેત પોપટ, હેલી પોપટ, મિલન ભટ્ટ, પ્રિયાંક ઠક્કર, મોનિકા ઠક્કર, દીપા મારૂ, સ્નેહા પોપટ સાથે અન્ય સેવાભાવી નાગરિકો પણ જોડાયાં હતાં. બાળકો આ ભેટ મેળવીને ખુશખુશાલ થઈ ગયાં હતાં.

# સમસ્ત ખડાયતા સમાજનો ત્રિવેણી કાર્યક્રમ યોજાયો







શ્રી સમસ્ત ખડાયતા સમાજ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં ત્રિવેણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેજીથી માસ્ટર ડિગ્રી સુધીના ૬૦ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ અંતર્ગત સન્માનવામાં આવ્યા હતા. ૭૦ વર્ષની આયુ પૂર્ણ કરનાર સમાજના ૭ વડીલોને શાલ, સન્માનપત્રથી સન્માનવામાં આવ્યા હતા અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર અર્થ તથા રિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. જગદીશચંદ્રશાહને પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિના હસ્તે પોલીસ મેડલ મળ્યો તે બદલ તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સમાજનાં ૭૦ બાળકોએ સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ડાન્સ, વેશભૂષા વગેરેમાં ભાગ લઈ કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો. સૌ બાળકોને બિરદાવવામાં આવ્યાં હતાં. પ્રમુખ એમ એમ શાહ અને તેમની ટીમે સારું એવું યોગદાન મેળવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સહમંત્રી કે વી શાહ અને વૃષાંગ ઠેકડીએ કર્યું હતું. પ્રમુખ મહેન્દ્રભાઈ શાહે આભારવિધિ કરી હતી.

# આર એન પટેલ પ્રાથમિક શાળામાં વાલી મીટિંગ યોજાઈ

## વિદ્યાર્થીઓના હિતની બાબતો અંગે ચિંતન કરાયું વાલીઓના સૂચનો, અભિપ્રાયો પણ મેળવાયા

ગાંધીનગર, તા. ૨

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળઆના ધોરણ-૭ના વિદ્યાર્થીઓના વાલીઓની એક બેઠક સ્કૂલ ખાતે યોજવામાં આવી હતી.

વિદ્યાર્થીઓના હિતની બાબતોનું આદાન-પ્રદાન આ બેઠક દરમ્યાન કરવામાં આવ્યું હતું. શિક્ષક કેતનભાઈ પટેલ દ્વારા વાલીઓને શાળાકીય બાબતો પર ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. વાલીઓ, વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ માટેની, શૈક્ષણિક લાભો તેમજ ખેલકૂદ વિશે સમજ આપવામાં આવી હતી.

ઉપરાંત નિબંધલક્ષી પરીક્ષાનું મહત્ત્વ સમજવા-સમજાવવા, સ્વચ્છતા, ગણવેશ માટે આગ્રહ રાખવા વાલીઓને અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન વાલીઓનાં સૂચનો, અભિપ્રાયો પણ મેળવવામાં આવ્યા હતા.

# મેરેથોન... મન મક્કમ તો ફિનીશરનો મેડલ કન્ફર્મ

## રન ગાંધીનગર રન... ગાંધીનગર રનર્સ ગૃપના નોન પ્રોફેશનલ દોડવીરોએ ગાંધીનગરની પ્રથમ કલ્પતરૂ હાફ મેરેથોન આયોજિત કરી હરિયાળા પાટનગરના સિલ્કી રસ્તા પર ગાંધીનગરની રમતપ્રેમી જનતાને મેરેથોન રનની રોમાંચિત ઈવેન્ટમાં દોડાવી તંદુરસ્તી તરફ ડગ મંડાવ્યા

મેરેથોનના મેદાનથી એથેન્સ સુધી ૪૨ કિમીની દોડ ફિડિપ્પિડિસ નામના સૈનિકે ગ્રીસના સંદેશાવાહક તરીકે નોનસ્ટોપ દોડ લગાવી. 'આપણે જીતી ગયા' એવો સંદેશો આપીને એણે દમ તોડી દીધો...

ગ્રીસે એ યોધ્ધાના માનમાં પછી મેરેથોન રન ચાલુ કરાવી. ઓગણીસમી સદીમાં મેરેથોનને ઓલિમ્પિકસમાં દાખલ કરવા ગ્રીસની પ્રજા રસ્તા પર ઉતરી આવી અને પુરૂષ વિભાગની મેરેથોન શરૂ થઈ... મહિલાઓને આ સ્પર્ધામાં સમાવવા ફરી એક વંટોળ ફૂંકાયો અને પછી એમની એન્ટ્રી થઈ ગઈ, શરૂઆતમાં જ્યાં ૪૨.૧૯૫ કિમી મેરેથોન પૂર્ણ કરવા સાડા ત્રણ કલાક લાગતા હતા ત્યાં છેલ્લા રેકોર્ડ મુજબ ઈથોપિયાના હેઈલ ગ્રેબસેલાસિઆએ માત્ર બે કલાક ચાર મિનિટમાં તો ઈંગ્લેન્ડની પોલા રેડક્લિફ નામની મહિલા દોડવીર બે કલાક ૧૫ મિનિટનો રેકોર્ડ ધરાવે છે...

રવિવારે ગુજરાતના હરિયાળા પાટનગર ગાંધીનગરે ની રમતપ્રેમી જનતાને પ્રથમવાર મેરેથોનમાં દોડતી જોઈ... ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા ભવ્ય હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું... પ્રથમવાર યોજાયેલી આ કલ્પતરૂ હાફ મેરેથોનમાં ૨૧૦૦થી વધુ રનર્સે દોડ લગાવી મેરેથોનને સફળ બનાવી દીધી હતી... રન ગાંધીનગર રનના સ્લોગન સાથે સ્વાસ્થ્ય માટે જાગૃતિ એવા ઉદ્દેશ્ય સાથે યોજાયેલી મેરેથોન એના ભવ્ય આયોજન થકી યાદગાર બની રહી...

ગાંધીનગર રનર્સ ગૃપની સ્થાપના ૨૦૦૯ના વર્ષમાં થઈ. કલ્પતરૂના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ બી કે સતિષે દિલ્હી મેરેથોનમાં ૫૬મા વર્ષે કર્યાના સમાચાર આ લખનારે જ છાપ્યા હતા ત્યારે એમની મુલાકાત વખતે રનર્સ ગૃપની સ્થાપનનો વિષય છેડાયો, પુનિતવનમાં અલગ અલગ દિશામાં દોડતાં રનર્સ સાથે મળ્યાં અને માત્ર સાત જણ - બી કે સતીષ, ડૉ. જિજ્ઞેશ રાજવીર, મયુર થાનકી, પ્રવીણ નાયર, બ્રજેશ કુમાર, ભાવેશ એરડા અને સંજય થોરાત સાથે દર રવિવારે દસ કિમી રનિંગ શરૂ થઈ...




અમદાવાદ ખાતે યોજાયેલી પ્રથમ સાબરમતી હાફ મેરેથોનમાં આ દરેક સભ્યએ ભાગ લીધો અને ફિનીશરનો મેડલ લઈ આવ્યા અને પછી તો સમજો કે આ રનીંગનો ચસ્કો લાગ્યો... રવિવારની સવાર, પાંચ વાગ્યાનો સમય અને દસ કિમી રનીંગ આ બધી વાતો સાંભળ્યા બાદ મોટાભાગના લોકો આમાં જોઈન થતાં ડરતાં, પણ સમયની સાથે ધીમે ધીમે એમાં ઈન્દ્રસિંહ વાઘેલા, કેયુર અને જ રોડ પર રનીંગ કરી ત્યાં રિફ્રેશમેન્ટ સાથે છૂટા પડવું અને ભારતનાં વિવિધ શહેરોમાં યોજાતી મેરેથોનમાં ભાગ લેવા જેવી ચર્ચા થતી રહેતી... મેરેથોનમાં ભાગ લીધાના સમાચારો છપાતાં નિત્યાનંદ શ્રીવાસ્તવ, ડૉ. ગુંજન જૈન, સંજય સિંગ, કુલદીપ જૈન, મિતુલ ટીમ્બાડીયા, દિલીપસિંહ ડોડિયા જેવા ઉત્સાહી સભ્યો એમાં જોડાયા અને રનર્સ ગૃપનો પરિવાર મોટો થવા લાગ્યો...

બિપાશા બાસુ અને શાહરૂખે ફ્લેગ ઓફ કરાવેલી દિલ્હી મેરેથોન અને એની રંગીન વાતો સાથે ગાંધીનગર રનર્સ ગૃપમાં પછી તો સંતોષ કાપડી, ભરત પટેલ, વિરલ પટેલ, યતીન બ્રહ્મભટ્ટ, ભરત ઉપાધ્યાય, બીજુ પિલ્લાઈ વગેરે જોડાતાં પુનિતવનનું પાર્કિંગ રવિવારે સવારે એકદમ પેક થવા લાગ્યું...

ગાંધીનગર રનર્સ ગૃપના સભ્યો પૈકી આઠેક જણાએ અત્યાર સુધી દસ વખત હાફ મેરેથોનમાં ભાગ લઈ ચૂક્યા છે. ભારતમાં દિલ્હી, મુંબઈ, બેંગ્લોર, કાવેરી, માઉન્ટ આબુ, વડોદરા, અમદાવાદ, જયપુર જેવી જગ્યાએ આ સભ્યો ભાગ લઈ ચૂક્યા છે... રનર્સ ગૃપના પેટ્રન્સ મેમ્બર બી કે સતીષે વેટર્ન કેટેગરીમાં રનર્સ અપ ટ્રોફિ પણ જીતેલી છે... હમણાં હજી ગયા વર્ષથી જ આ ગૃપમાં ઉર્મિલ વેદ, વિનોદ રાદડીયા, ડૉ. પ્રણવ જોષીપુરા અને સુકેતુ દેવ જેવા રનર્સ જોડાતાં ગૃપની સંખ્યા ત્રીસે પહોંચી ગઈ છે...

આ ગૃપે પોતાની જૂની ઈચ્છાને ઉજાગર કરતાં મેરેથોન કરવાનું બીડું ઝડપી લીધું અને ટીમ કાર્યરત થઈ ગઈ...૨૧૦૦થી વધુ રનર્સ આ મેરેથોનમાં જોડાયા એ રેકોર્ડ બની ગયો... આ ઈવેન્ટમાં ઝુમ્બા ડાન્સ, એરોબિક્સ, એપીએસ સ્કૂલ ડાન્સ, અંધશાળાનાં બાળકોનાં ગીતો, મુંબઈની ડાન્સ ટીમ વગેરેએ મનોરંજન પીરસીને આખીય ઈવેન્ટને લાઈવ બનાવી દીધી...

સેક્ટર-૧૬ના ઓપન એર થિયેટરના વિશાળ સ્ટેજ પરથી વિશાળ ઈવેન્ટનું થરકતું સંચાલન દિવ્યા ઠક્કરે કરીને ઉપસ્થિત રનર્સનો ઉત્સાહ વધાર્યો અને સાથોસાથ ડાન્સ પણ કરાવ્યો, ડીજે યશનો કંટ્રોલ ઈવેન્ટને સંગીતમય બનાવવામાં કામિયાબ રહ્યો...

મેયર હંસાબેન મોદી, ગુડાના ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય અશોક પટેલ, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, કલ્પતરૂના ડિરેક્ટર કમલ જૈને આ કાર્યક્રમને ફ્લેગ ઓફ કરી દિપાવ્યો.

ગાંધીનગર રનર્સ ગૃપની આ મેરેથોન માટે કહેવું પડે.. વાહ ભાઈ વાહ...




# સેક્ટર-૨૯ની સરકારી પ્રાથમિક શાળા ખાતે આનંદમેળો યોજાયો




ગાંધીનગર, તા. ૨

સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૯/૧ ખાતે તાજેતરમાં આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી.

સેન્ટ્રલ યુનિવર્સિટીનાં લીટીબેન અને ચિલ્ડ્રન યુનિવર્સિટીનાં બહેનો દ્વારા આનંદમેળામાં રાખવામાં આવેલાં ૭ સ્ટોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સઘળાં સ્ટોલનું ઉદ્‌ઘાટન શાળાનાં બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.

ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અતુલભાઈ મુલતાનીએ જાદુના ખેલ બતાવી સૌને રોમાંચિત કરી દીધા હતા. સરકારી પ્રાથમિક શાળા, ૨૮-૧ અને ૨૯-૨નાં બાળકોએ પણ આ આનંદમેળામાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે સૌ બાળકોને ફિલ્મ નિદર્શન પણ કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના માર્ગદર્શક શિક્ષક રશ્મિબેન બી આનંદ અને મિનાક્ષીબેન જોષી હતાં. સૌના સહિયારા પ્રયાસોથી આનંદમેળો ખરા અર્થમાં બાળકોને આનંદ આપવામાં સફળ રહ્યો હતો.